અપીલ અરજી નં.૨૫૨ તા.૧૬–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશભાઈ આર. ખેંગાર
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિ. (ફા.)જાહેર માહિતી અધિકારી (હિસાબી ખાતુ)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ–પેન્શન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશભાઈ આર. ખેંગારની તા.૮–૧૦–૧૦ ની અરજીથી કર્મચારી નં.૩૧૮૪ પી.પી. નં.૬૯૮૯ (૧) મારા જુના બેઝીકની સાથે છઠ્ઠા પગાર પંચ મુજબ ૧–૧–૦૬ ના રોજ કેટલો બેઝીક પગાર ફીકસ કરવામાં આવ્યો તેની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૨/૨૦૧૦–૧૧

શ્રી રમેશભાઈ આર. ખેંગારની તા.૮–૧૦–૧૦ ની અરજીથી કર્મચારી નં.૩૧૮૪ પી.પી. નં.૬૯૮૯ (૧) મારા જુના બેઝીકની સાથે છઠ્ઠા પગાર પંચ મુજબ ૧–૧–૦૬ ના રોજ કેટલો બેઝીક પગાર ફીકસ કરવામાં આવ્યો તેની વિગત. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુખ્ય હિસાબનીશ અને મદદનીશ જાહેર માહિતી અધિકારી હિસાબી ખાતાના પત્ર નં.એકા./એસ.આર./૪૧૯૧/ ૭૮૦ તા.૨૭–૧૦–૧૦થી આપેલ માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૬ તા.૨૪–૧૧–૧૦ થી ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિ. (ફા.)જાહેર માહિતી અધિકારી (હિસાબી ખાતુ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.એકા./એસઆર/આ.નં.૪૭૭૭ તા.૨૬–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૬૯ તા.૧૧–૧૦–૧૦ થી મુખ્ય હિસાબનીશઅને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને મુખ્ય હિસાબનીશ તરફથી માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.એકા./એસઆર/૪૦૮૩ તા.૨૧–૧૦–૧૦ ના પત્રની નકલ, પત્ર નં. એકા./એસઆર/૪૧૯૧ તા.૨૭–૧૦–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પે ફીકેશનના પત્રની નકલ તથા અરજદારે ફી ભર્યાની રસીદ, તા.૬–૨–૧૦ ના રોજ પેન્શન દરખાસ્તની નકલ, પેન્શન તફાવત ચૂકવેલી પત્રકની નકલ, ગ્રેજયુઈટી રકમની બેંક પેમેન્ટની ખરી નકલ તેમજ પ્રથમ શ્રેણી કલાર્ક શ્રી આઈ .આર. પચ્ચીગર તરફથી તફાવતના પત્રકની સીટ માટે Leave Level-2 verification is pending ની નકલ તથા સેવાપોથીના પાનાની નકલ જેમાં તફાવત ચૂકવ્યાની ઓર્ડર સહિતની નોંધ મળેલ છે.

અરજદારની તા.૮–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ છે. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૬૯ તા.૧૧–૧૦–૧૦ થી પર્સોનોલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને મુખ્ય હિસાબનીશને તબદીલ કરેલ છે.જેના અનુસંધાને મુખ્ય હિસાબનીશ તરફથી પત્ર નં.એકા./એસઆર/૪૦૮૩ તા.૨૧–૧૦–૧૦ થી હિસાબીખાતાને લગતી માહિતીના પાના નંગ–૪ પતિ પાના દીઠ રૂા.૮/– જમા કરાવી રસીદની નકલ હિસાબીખાતમાં રજૂ કરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અંગે અરજદારને પત્ર નં.એકા./એસઆર/૪૧૯૧ તા.૨૭–૧૦–૧૦ થી અરજદારને માહિતી અંગેના ઉપરોકત પૂરક વિગતોમાં જણાવેલ પત્રકો અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. મજકુર કર્મચારી નં.૩૧૮૪ પીપી નં. ૬૯૮૯ મુદ્દા નં. (૧) મારા જુના બેઝીકની સાથે છઠ્ઠા પગાર પંચ મુજબ ૧–૧–૦૬ ના રોજ કેટલો બેઝીક પગાર ફીકસ કરવામાં આવ્યો તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે પગાર ફીકશેસનના પગારમાં ફીકસ થયેલ બેઝીક તથા ફકત પેન્શરો માટેના પીપીઓ નંબર ની બુકમાં પણ ફીકસ થયેલ બેઝીક ૧૫૪૪૦ જણાવેલ છે. (૨) હું નિવૃત થયો ત્યારે બીપી–૧ તથા બીપી–૨ કેટલું તથા ૬ઠ્ઠા પગાર પંચ મુજબ બીપી–૧ તથા બીપી–૨ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ બેન્ક વાઉચર તેમજ પેન્શન દરખાસ્તમાં વિગતો જણાવેલ છે. (૩) પગાર વધારાની રકમ તથા પેન્શન વધારો ગણત્રીનું પત્રક આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે પેન્શન વધારા પત્રક જણાવેલ છે પરંતુ પગાર વધારા પત્રકની કોઈ વિગતો જણાતી નથી. (૪) ૬ઠ્ઠા પગાર પંચની ગણત્રીના પત્રકો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે પેન્શન વધારા પત્રક પે ફીકેશેનન પત્રક ચૂકવેલ ગેજયુઈટીનું વાઉચર વિગરે માહિતી પૂરી પાડેલ છે પરંતુ પગાર વધારાની તફાવતની વિગતો જણાવેલ નથી. અરજદારે તા.૧૬–૧૧–૧૦ ના રોજ કરેલ અપીલ અરજીમાં તા.૧–૧–૦૬ થી તા.૧૦–૧૧–૦૬ સુધી પગાર વધારાના પત્રક અંગેની માંગણી કરેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. સેવાપોથીમાંની અન્વેષણની નોંધ જોતાં તફાવત પત્રક દફતરે હોવાનું માનવાને

કારણ છે. અને અરજદારની અપીલમાંની તકરાર પણ તેટલી જ જણાય છે. જાહેર માહિતી અધિકારી હિસાબી તરફથી પૂરક માહિતીમાં બિડાણમાં છઠ્ઠા પગાર ધોરણના તફાવતના પત્રકની ઝેરોક્ષ મોકલ્યાનું જણાવેલ છે. પરંતુ તેવા પત્રકોની નકલો સામેલ થઈ આવેલ નથી. પરંતુ ફીકસેશન પત્રકની નકલ સામેલ છે. તે ધ્યાને લેતાં તે માહિતી અરજદારને મોકલેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી મહેકમ વિભાગને પણ અરજી તબદીલ થયેલ છે. પરંતુ તેમની કક્ષાએથી અરજીના નિકાલ અંગેની કોઈ વિગતો અરજદાર કક્ષાએથી રજૂ થયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહી પૂરી પાડેલ છઠ્ઠા પગાર પંચના તફાવત પત્રક અંગેની માહિતી અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ–પેન્શન) કક્ષાએથી કલમ–૭(૩) હેઠળ કોઈ કાર્યવાહી સમય મર્યાદામાં હાથ ધરાયેલ હોય તો અરજદારને પુનઃ તે અંગે સૂચિત કરી નિયમ–૪ હેઠળની ફી ભરપાઈ કરાવી માહિતી પૂરી પાડવા અને જો તે સબંધી કોઈ કાર્યવાહી થયેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ. (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ –પેન્શન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને આસી. કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબીખાતુ)...જાણ તથા અમલ માટે .
(૨) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ–પેન્શન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશભાઈ આર. ખેંગાર,